સમાજનો વિવેકપૂર્ણ દ્રષ્ટિકોણ • M. : 98256 08744 • E-mail : capitalkranti@gmail.com • web : capitalkranti.co.in RNI No. 54922/93

કેપિટલ ક્રાંતિ

(CAPITAL KRANTI - DAILY - GANDHINAGAR) દૈનિક (ગાંધીનગર)

• વર્ષ : ૩૪ • અંક : ૨૭૦ • તારીખ : ૨૧-૧૦-૨૦૨૬, બુધવાર • કિંમત : ૫૦ પૈસા • તંત્રી : પાર્થ એમ. ઠક્કર • બ્યુરો ચીફ : બિજેન કાપડીયા (અમદાવાદ) • મેનેજીંગ તંત્રી : સુરેશ ચંડી

પીએમ સૂર્ય ઘર યોજના

સરકારે સોલાર રૂફટોપ માટે વધારાની સબસિડી જાહેર કરી

સામાન્ય વર્ગે ૧૦% અને SC/ST વર્ગે ૫% ફાળો આપવાનો રહેશે; ૩ લાખથી વધુ પરિવારોને લાભ મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં 'પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના' હેઠળ ૨ કિલોવોટ ક્ષમતા સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવનારા પરિવારો માટે વધારાની સ્ટેટ સબસિડી આપવાનો નિર્ણય લેવાયો છે. પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે આ નિર્ણયથી સામાન્ય વીજ ગ્રાહકોએ કુલ ખર્ચના માત્ર ૧૦% અને અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST)ના વીજ ગ્રાહકોએ માત્ર ૫% ફાળો આપવાનો રહેશે. કેન્દ્ર સરકારની સહાય અને લાભાર્થીના ફાળા બાદનો બાકીનો ખર્ચ રાજ્ય સરકાર સબસિડીરૂપે ભોગવશે.

આ નિર્ણયથી રાજ્યના ૩ લાખથી વધુ સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને સીધો લાભ મળશે. રાજ્ય સરકાર અંદાજે રૂ. ૧,૦૦૦ કરોડનો ખર્ચ ભોગવશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

મંત્રીએ આપેલા ઉદાહરણ મુજબ, ૧ કિલોવોટની સોલાર પેનલનો કુલ ખર્ચ રૂ. ૫૪,૦૦૦ છે. અગાઉ કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૩૨,૪૦૦ સહાય મળતી હતી અને લાભાર્થીએ રૂ. ૨૧,૬૦૦ ચૂકવવા પડતા હતા. હવે સામાન્ય નાગરિકે માત્ર રૂ. ૫,૪૦૦ અને SC/ST વર્ગના નાગરિકે માત્ર રૂ. ૨,૭૦૦ ચૂકવવાના રહેશે. આ ક્ષમતા માટે રાજ્ય સરકારની સબસિડી સામાન્ય વર્ગ માટે રૂ. ૧૬,૨૦૦ અને SC/ST વર્ગ માટે રૂ. ૧૮,૯૦૦ રહેશે.

૨ કિલોવોટની સોલાર પેનલનો કુલ ખર્ચ રૂ. ૧,૦૭,૨૦૦ છે. અગાઉ કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૬૨,૮૦૦ સહાય મળતી હતી અને લાભાર્થીએ રૂ. ૪૪,૪૦૦ ચૂકવવા પડતા હતા. હવે સામાન્ય નાગરિકે માત્ર રૂ. ૧૦,૭૨૦ અને SC/ST વર્ગના નાગરિકે માત્ર રૂ. ૫,૩૬૦ ચૂકવવાના રહેશે. આ ક્ષમતા માટે રાજ્ય સરકારની સબસિડી સામાન્ય વર્ગ માટે રૂ. ૩૩,૬૦૦ અને SC/ST વર્ગ માટે રૂ. ૩૮,૯૬૦ રહેશે.

પ્રેસ રિલીઝ અનુસાર, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના'ના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યના ૧૪ લાખથી વધુ પરિવારોએ ઘરની છત પર સોલાર સિસ્ટમ લગાવી છે. તેમાંથી માત્ર 'પીએમ સૂર્ય ઘર' યોજના હેઠળ ૮.૫ લાખથી વધુ ઘરો પર સોલાર રૂફટોપ સ્થાપિત કરીને ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. યોજનાથી નાગરિકોનું વીજ બિલ શૂન્ય થઈ રહ્યું છે અને વધારાની વીજળી ઉત્પન્ન કરીને પરિવારો આવક પણ મેળવી રહ્યા છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર નાગરિકોના સર્વાંગી વિકાસ અને પર્યાવરણપ્રિય હરિત ઊર્જાનો વ્યાપ વધારવા માટે સતત પ્રયત્નશીલ છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ

ટોક્યોમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જાપાની ઉદ્યોગોને ગુજરાતમાં રોકાણ કરવા આહ્વાન કર્યું

ગુજરાત પ્રતિનિધિમંડળે એક જ દિવસમાં ૨૦ મહત્વપૂર્ણ બેઠકો અને ૨ રાઉન્ડટેબલ સંવાદો યોજ્યા

આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના સંદર્ભમાં જાપાનના પ્રવાસે ગયેલા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળના ગુજરાત પ્રતિનિધિમંડળે ટોક્યોમાં જાપાનના સરકારી અગ્રણીઓ અને અગ્રણી ઉદ્યોગગૃહો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. એક જ દિવસમાં ગુજરાત પ્રતિનિધિમંડળે ૨૦ મહત્વપૂર્ણ બેઠકો અને ૨ રાઉન્ડટેબલ સંવાદો યોજ્યા હતા. આ સંવાદોનો ઉદ્દેશ ગુજરાતમાં નવા રોકાણ, ટેક્નોલોજી સહયોગ અને ઔદ્યોગિક વિસ્તરણની તકોને પ્રોત્સાહન આપવાનો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને પ્રતિનિધિમંડળે જાપાનના વિદેશ મંત્રાલય ખાતે વિદેશ રાજ્ય મંત્રી શ્રી નાકાસોને યાસુતાકા સાથે બેઠક યોજી ભારત–જાપાન અને ખાસ કરીને ગુજરાત–જાપાન વચ્ચેના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવવા તથા વ્યૂહાત્મક ભાગીદારી અંગે વિચારવિમર્શ કર્યો હતો. ઇવાતે પ્રીફેક્ચરના ગવર્નર શ્રી તાકુયા તાસો સાથે પ્રાદેશિક વિકાસ, ઔદ્યોગિક નીતિઓ અને ક્ષમતા નિર્માણ અંગે જ્યારે METIના ડાયરેક્ટર જનરલ શ્રી તનાકા કાઝુશિગે સાથે દ્વિપક્ષીય વેપાર વધારવા, રોકાણને પ્રોત્સાહન આપવા અને નીતિગત સહયોગ મજબૂત કરવા અંગે ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત, સુઝુકી મોટર કોર્પોરેશનના રિપ્રેઝન્ટેટિવ ડિરેક્ટર અને પ્રેસિડેન્ટ શ્રી તોશિહિરો સુઝુકી સાથે બેઠક યોજી ઓટોમોબાઇલ ક્ષેત્રના વિસ્તરણ, ઇલેક્ટ્રિક વાહનો અને વેન્ડર પાર્ક્સના વિકાસ અંગે ચર્ચા કરી હતી તેમજ સુઝુકીના વેન્ડર્સ સાથે વિશેષ રાઉન્ડટેબલ બેઠક યોજી હતી. જેરાના સીઈઓ શ્રી ઈઝુમી કાઈ સાથે સ્વચ્છ ઊર્જા અને ગ્રીન ટ્રાન્ઝિશન તથા ટોક્યો ઇલેક્ટ્રોન લિમિટેડના ચેરમેન શ્રી તાકેશી ઓકુબો સાથે સેમિકન્ડક્ટર ક્ષેત્રે રોકાણ અંગે વિચારવિમર્શ કર્યો હતો.

પ્રતિનિધિમંડળે સુમિતોમો કેમિકલ, ફુરુકાવા ઇલેક્ટ્રિક, મારુબેની કોર્પોરેશન, મોરીરીન લિમિટેડ તથા વિશ્વની સૌથી મોટી લાઈવ એન્ટરટેઇનમેન્ટ કંપની લાઈવ નેશન સાથે બેઠકો યોજી હતી. આ સિવાય હોન્ડા મોટર, ક્યોવા લેધર, સનરિયો, મેઇરાકુ કોર્પોરેશન, નિસ્સેઇ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રિયલ, જે એ ફઈ સ્ટીલ, ઓત્સુકા ફાર્માસ્યુટિકલ્સ, એમયુએફજી બેંક અને એસએમબીસી જૂથો સાથે પણ ચર્ચાઓ કરી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સહભાગી થવા આમંત્રણ પાઠવ્યું હતું.

પોલીસ શહીદ સ્મૃતિ દિવસ

વીર શહીદ પોલીસકર્મીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અર્પી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

ઉત્તમ કાયદો-વ્યવસ્થાને કારણે ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું: મુખ્યમંત્રી





અમદાવાદ:: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રજાની સુરક્ષા, સલામતી અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા વીર શહીદ પોલીસકર્મીઓને પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું કે પોલીસ જવાનોની અવિરત ફરજ નિષ્ઠા અને ઉત્તમ કાયદો-વ્યવસ્થાને કારણે ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે.

દેશના નાગરિકોની સુરક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા પોલીસકર્મીઓના શૌર્ય, સમર્પણ અને બલિદાનને યાદ કરવા દર વર્ષે ૨૧ ઓક્ટોબરે સમગ્ર દેશમાં પોલીસ શહીદ સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે. અમદાવાદમાં યોજાયેલા આ પોલીસ શહીદ સ્મૃતિ દિવસમાં રાજ્યના શહીદ પોલીસકર્મીઓની નામાવલીનું પઠન કરવા અને પોલીસ દળ દ્વારા તેમને શિસ્તબદ્ધ સન્માન સલામી આપવામાં આવી ત્યારે પોલીસ બેન્ડ દ્વારા શોક ધૂન રજૂ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારના વડા તરીકેના પોતાના સેવાકાળ દરમિયાન પોલીસ દળના યોગદાનને સન્માનિત કરવા અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું નિર્માણ અને પોલીસ મ્યુઝિયમની શરૂઆત એ પોલીસકર્મીઓના બલિદાનને સન્માન આપવાની સાથે નવી પેઢીને પોલીસ દળની ભૂમિકા અને મહત્ત્વથી પરિચિત કરાવવાનો પ્રશંસનીય પ્રયાસ છે.

ગુજરાતમાં તાજેતરમાં નવરાત્રિ પર્વ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું તે બદલ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ દળની કર્તવ્ય પરાયણતાને અભિનંદન પાઠવતાં કહ્યું કે, રાજ્યના વિકાસ અને પ્રગતિ માટે સુરક્ષિત વાતાવરણ અનિવાર્ય છે. રાજ્યમાં શાંતિ, સલામતી અને સુદૃઢ કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસ દળની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની કર્તવ્યપરાયણતાને બિરદાવતાં તેમણે વીર શહીદ પોલીસકર્મીઓ પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

અમદાવાદના શાહીબાગ શહીદ સ્મારક ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વ શ્રી ડૉ. હસમુખભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, અમૂલભાઈ ભટ્ટ, દિનેશસિંહ કુશવાહ, કંચનબેન રાદડિયા સહિત નિવૃત્ત વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પણ શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી શહીદોને નમન કર્યું હતું. આ અવસરે રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિક, ડીજી (જેલ) ડૉ. કે. એલ. એન. રાવ, પોલીસ મહાનિદેશક (તાલીમ) નિરજા ગોટરું, અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, અધિક પોલીસ મહાનિદેશક ખુર્શીદ અહેમદ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ-કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય નૌકા દળની મુલાકાત

વાઈસ એડમીરલ સંજય વાત્સયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી

ગાંધીનગરમાં થયેલી સૌજન્ય મુલાકાત દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષા અંગે માહિતી આપી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ભારતીય નૌકા દળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને ગાંધીનગરમાં મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બંને વચ્ચે ગુજરાતના વ્યૂહાત્મક સમુદ્રકિનારાની સુરક્ષા અને ભારતીય નૌકાદળની ગતિવિધિઓ અંગે વાતચીત થઈ હતી.

વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને મે-૨૦૨૬થી ભારતીય નૌકા દળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ઉપમા ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. મુખ્યમંત્રીશ્રી સાથેની સૌજન્ય મુલાકાતમાં તેમણે ગુજરાતના વ્યૂહાત્મક સમુદ્રકિનારાની સુરક્ષા અંગે ભારતીય નૌ સેનાની વિવિધ ગતિવિધિઓની જાણકારી આપી હતી. સમુદ્રકિનારાની સુરક્ષા સાથે સંકળાયેલી આ ગતિવિધિઓ અંગે તેમણે મુખ્યમંત્રીને માહિતગાર કર્યા હતા.

શ્રી સંજય વાત્સયન ૧૯૮૮થી ભારતીય નૌકા દળમાં સેવારત થયા છે. ભારતીય નૌકા દળમાં લાંબા સેવાકાળ દરમિયાન તેમણે અનેક અગ્રણી યુદ્ધજહાજો પર સેવાઓ આપી છે. વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ તરીકેનો પદભાર સંભાળતા પહેલાં તેઓ નેવલ હેડ ક્વાર્ટર્સ ખાતે વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ તરીકે ફરજો બજાવતા હતા. ત્યારબાદ મે-૨૦૨૬થી તેમણે વેસ્ટર્ન નેવલ કમાન્ડની જવાબદારી સંભાળી છે.

વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફના નેતૃત્વ હેઠળ વિશાળ દરિયાઈ ક્ષેત્ર અને અનેક મહત્ત્વપૂર્ણ ચેક પોઈન્ટ્સ આવરી લેવાય છે. તેમાં સમગ્ર અરબી સમુદ્ર અને પશ્ચિમ હિન્દ મહાસાગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હોર્મુઝ સ્ટ્રેટ, બાબ-અલ-મંડેલ સ્ટ્રેટ અને સુએઝ કેનાલ પણ કમાન્ડના ક્ષેત્રમાં આવે છે. મોઝામ્બિક ચેનલ અને કેપ ઓફ ગુડ હોપ જેવા મહત્ત્વપૂર્ણ ચેક પોઈન્ટ્સ પણ આ વ્યાપમાં આવરી લેવાયા છે.

દેશના મહત્ત્વપૂર્ણ પશ્ચિમી દરિયાકાંઠાનું રક્ષણ કરવું વેસ્ટર્ન નેવલ કમાન્ડની પ્રાથમિક ભૂમિકાઓમાં સામેલ છે. વેપાર અને ઊર્જા માર્ગોને સુરક્ષિત રાખવા તેમજ ભારતની દરિયાઈ સરહદોનું રક્ષણ કરવામાં પણ આ કમાન્ડની પ્રાથમિક ભૂમિકા છે. મુલાકાત દરમિયાન વાઈસ એડમીરલ શ્રી સંજય વાત્સયને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને સ્મૃતિચિહ્ન પણ અર્પણ કર્યું હતું.

સરકારે ગ્રામસેવકોનું માસિક પ્રવાસ ભથ્થું રૂ. ૨,૭૦૦ કર્યું

અગાઉના રૂ. ૧,૮૫૦ના ભથ્થામાં રૂ. ૮૫૦નો વધારો; રાજ્યમાં આશરે ૨,૯૦૦ ગ્રામસેવકો કાર્યરત

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં કૃષિ વિભાગ હેઠળ ફરજ બજાવતા ગ્રામસેવકોના માસિક પ્રવાસ ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ મળતા રૂ. ૧,૮૫૦ના ભથ્થામાં રૂ. ૮૫૦નો વધારો કરીને માસિક રૂ. ૨,૭૦૦ કરાયું છે.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે રાજ્યમાં કૃષિ વિભાગ હેઠળ હાલ આશરે ૨,૯૦૦ જેટલા ગ્રામસેવકો કાર્યરત છે. સરેરાશ એક ગ્રામસેવકને પોતાના ફાળવેલા સેજામાં ૪ થી ૫ ગ્રામ પંચાયતોનાં ગામો અથવા અમુક વિસ્તારોમાં તેથી પણ વધુ ગામોમાં સતત ક્ષેત્રિય પ્રવાસ કરવાનો રહે છે. આ બાબતને ધ્યાને રાખીને ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક રાજ્ય સરકાર અને ખેડૂતો વચ્ચેની કડીરૂપ પાયાનો કર્મચારી છે. ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓ અને સહાયનો લાભ સરળતાથી મળે તે માટે ગ્રામસેવકો નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહ્યા છે.

વર્તમાન સમયમાં તેમની કામગીરીનો વ્યાપ વધ્યો છે. પાકના વાવેતર તથા ઉત્પાદનના અંદાજ માટે મોબાઈલ એપ મારફતે ડિજિટલ સર્વે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ e-KYC, કુદરતી આપત્તિ કે અતિવૃષ્ટિ સમયે ખેતરોમાં જઈ સર્વે અને ખેડૂતોને માર્ગદર્શન જેવી કામગીરી તેઓ કરે છે. કૃષિ મહોત્સવ/મેળાનું આયોજન, ટેકાના ભાવે ખરીદી અને પ્રાકૃતિક કૃષિ ઝુંબેશ માટે ગામડાંઓ તથા ખેતરો સુધી જઈ ખેડૂતોનો સતત સંપર્ક કરવો પણ અનિવાર્ય બન્યો છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી ક્ષેત્રિય કક્ષાએ કામ કરતા ગ્રામસેવકોની કામગીરી વધુ ઝડપી અને સુચારુ બનશે તથા તેનો સીધો લાભ રાજ્યના લાખો ખેડૂતોને મળશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં પોલીસ સ્મૃતિ દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શહીદ સ્મારક દીવાલ, ડિજિટલ ડેશબોર્ડ અને ફાયરિંગ સિમ્યુલેટર લેબનું ઉદ્ઘાટન કર્યું

ગાંધીનગર તા. ૨૧ ઓક્ટોબર - રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રની એકતા, અખંડિતતા, શાંતિ અને નાગરિકોની સુરક્ષા માટે પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર પોલીસ જવાનોની સ્મૃતિમાં પોલીસ સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના પરિવારજનોના સમર્પણને નમન કર્યું હતું.

રાજ્યપાલે જણાવ્યું હતું કે દેશમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા જીવનની પરવા કર્યા વિના બલિદાન આપનારા શહીદો પ્રત્યે સમગ્ર રાષ્ટ્ર સદાય ઋણી રહેશે. સંતાનોને રાષ્ટ્રસેવામાં સમર્પિત કરનાર અને તેમને ફરજ પ્રત્યે નિષ્ઠાના સંસ્કાર આપનાર પરિવારજનો પ્રત્યે તેમણે સંવેદના અને આદર વ્યક્ત કર્યો હતો.

યુનિવર્સિટી કેમ્પસ ખાતે શહીદોની સ્મૃતિ જાળવવા અને આવનારી પેઢીને દેશભક્તિની પ્રેરણા આપવા શહીદ સ્મારક દીવાલનું ઉદ્ઘાટન કરાયું હતું. ગુજરાત પોલીસના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા વિશેષ ડિજિટલ ડેશબોર્ડ અને ફાયરિંગ સિમ્યુલેટર લેબનું પણ લોન્ચિંગ કરાયું હતું. રાજ્યપાલે દિલ્હી સ્થિત રાષ્ટ્રીય પોલીસ સ્મારકનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે આવા સ્મારકો યુવાનો માટે રાષ્ટ્રપ્રેમ અને સમર્પણની પ્રેરણાના કેન્દ્રો બને છે.

રાજ્યપાલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન દેશમાં સર્વપ્રથમ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી સંસ્થાઓ સ્થાપવાની પહેલ કરી હતી. તેમના જણાવ્યા મુજબ, આ સંસ્થાઓ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના મિશનમાં પાયાની મજબૂત ઈંટો સાબિત થશે.

તેમણે ઉમેર્યું હતું કે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દેશના વિવિધ પ્રદેશોમાંથી આવતા પોલીસ અને પેરામિલિટ્રી ફોર્સના જવાનોને આધુનિક સુરક્ષા, સાયબર ક્રાઈમ અને સમયની જરૂરિયાત મુજબનું પ્રશિક્ષણ આપી રહી છે. ભારત અહિંસા, શાંતિ, સહિષ્ણુતા અને ભાઈચારામાં માને છે, પરંતુ શાંતિ અને સત્વના રક્ષણ માટે સક્ષમ હોવું પણ જરૂરી છે, તેમ તેમણે જણાવ્યું હતું. કાયરતા અને નબળાઈથી શાંતિ જળવાતી નથી; દુષ્ટ તત્વો સામે આત્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા માટે મજબૂત થવું વીરતાનું સાચું આભૂષણ છે. તેમણે યુવા પેઢી અને તાલીમાર્થીઓને 'માતા ભૂમિઃ પુત્રો અહં પૃથિવ્યાઃ'ના ભાવ સાથે માતૃભૂમિની સેવા માટે તત્પર રહેવા આહ્વાન કર્યું હતું.



રાજ્યપાલના હસ્તે ફિઝિકલ એડવેન્ચર વોલનું ઉદ્ઘાટન કરાયું હતું અને જેલ સહાયક તરીકે પરીક્ષા ઉત્તીર્ણ થયેલા જવાનોને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ શ્રી વિમલ પટેલે શહીદ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે આંતરિક સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસ દળો તથા સુરક્ષા સંસ્થાઓના યોગદાનને બિરદાવ્યું હતું. 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને ધ્યાનમાં રાખીને સંસ્થાઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ પુરાવાઓથી સજ્જ થવા પર તેમણે ભાર મૂક્યો હતો.

કાર્યક્રમમાં પ્રો-વાઈસ ચાન્સલર પ્રો. કલ્પેશ વાંડરા, ડીન ડૉ. જસબીર કૌર ઠડાની, રજીસ્ટાર શ્રી ધર્મેશ પ્રજાપતિ, યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, સિનિયર અધિકારીઓ, તાલીમાર્થીઓ, પોલીસ અને સુરક્ષા દળોના પ્રતિનિધિઓ તથા શહીદોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

વાઈસ એડમિરલ સંજય વાત્સયને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની મુલાકાત લીધી

ગુજરાતના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા અને નૌકાદળની સુરક્ષાત્મક ગતિવિધિઓ અંગે ચર્ચા



ભારતીય નૌકાદળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ઈન-ચીફ વાઈસ એડમિરલ શ્રી સંજય વાત્સયને ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગુજરાતના વિશાળ અને વ્યૂહાત્મક દરિયાકાંઠાની સુરક્ષા તથા દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાઓ અંગે સાર્થક ચર્ચા થઈ હતી.

વાઈસ એડમિરલ શ્રી સંજય વાત્સયને ગત મે-૨૦૨૬થી ભારતીય નૌકાદળના વેસ્ટર્ન નેવલ કમાન્ડના ઉપમા ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ઈન-ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમણે રાજ્યપાલશ્રીને ગુજરાતના વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ અને વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા તેમજ ભારતીય નૌસેના દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ સુરક્ષાત્મક ગતિવિધિઓની વિસ્તૃત માહિતી આપી હતી.

વર્ષ ૧૯૮૮થી ભારતીય નૌકાદળમાં સેવારત શ્રી સંજય વાત્સયને અનેક અગ્રણી યુદ્ધ જહાજો પર સેવા આપી છે. વેસ્ટર્ન નેવલ કમાન્ડનો પદભાર સંભાળતા પહેલાં તેમણે નેવલ હેડ ક્વાર્ટર્સ ખાતે વાઈસ ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ તરીકે ફરજો બજાવી હતી.

વેસ્ટર્ન નેવલ કમાન્ડની મુખ્ય ભૂમિકામાં સમગ્ર અરબી સમુદ્ર, પશ્ચિમ હિન્દ મહાસાગર તેમજ વૈશ્વિકસ્તરે વેપાર અને ઊર્જા માર્ગોના મહત્વપૂર્ણ ચેક પોઈન્ટ્સનું રક્ષણ અને દેશના પશ્ચિમી દરિયાકાંઠાની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.

વડોદરામાં ૨૩મી ઓક્ટોબરે રોજગાર-એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

૧૦૦ થી વધુ જગ્યાઓ માટે ૦૬ કંપનીના પ્રતિનિધિઓ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે

વડોદરા, તા.૨૧: શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની રોજગાર અને તાલીમ નિયામક કચેરી હસ્તકની મદદનીશ રોજગાર નિયામક કચેરી, વડોદરા દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ભરતી મેળો યોજાશે. મેળો મદદનીશ રોજગાર નિયામકની કચેરી, પહેલો માળ, આઈટીસી બીલ્ડીંગ, આઈટીઆઈ કેમ્પસ, તરસાલી વડોદરા ખાતે યોજાશે.

મેળામાં ઓપરેટર, ટેકનીશ્યન, રિલેશનશિપ ઓફિસર, સેન્ટર એસોસિએટ અને ટ્રેઈની જેવી ૧૦૦ થી વધુ જગ્યા માટે સર્વિસ સેક્ટર, મેન્યુફેક્ચરિંગ, સેલ્સ અને ઈન્શોરંશ સેક્ટરની ૦૬ કંપનીના પ્રતિનિધિઓ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે. ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ (ફિટર,ટર્નર), ડીપ્લોમાં મેકેનિકલ, કેમીકલ, ઈલેક્ટ્રીકલ તથા ગ્રેજ્યુએટ (બી.એ બીકોમ, બી.એસ.ડબલ્યુ) લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષના પુરુષ અને મહીલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

ઉમેદવારોને રોજગારી ઉપરાંત વિદેશ રોજગાર અને અભ્યાસ માટે સેફ લીગલ માઈગ્રેશન, પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના (PMVBRY), પીએમ ઈન્ટર્નશીપ યોજના, લશ્કરી ભરતી પુર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમ યોજના, ફ્રી વોકેશનલ તાલીમ યોજના, સ્વરોજગાર અને સ્ટાર્ટ અપ લોન સહાય યોજના અંગે તજજ્ઞો માહિતી અને માર્ગદર્શન આપશે. સરકારી ઓનલાઈન જોબ પોર્ટલ અનુબંધમ અને એનસીએસ પોર્ટલ પર નામ નોંધણી પણ કરવામાં આવશે.

રસ ધરાવતા ઉમેદવારોએ ૫ (પાંચ) બાયોડેટા /રિઝયુમ સાથે સ્વ ખર્ચે ભરતી સ્થળે હાજર રહેવાનું રહેશે. આયોજન અને પસંદગી પ્રક્રીયામાં ઉમેદવાર કે નોકરીદાતાએ કોઈ ફ્રી કે ચાર્જ ચુકવવાનો નથી, તેની ખાસ નોંધ લેવા રોજગાર અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

જાપાન પ્રવાસમાં રોકાણ ચર્ચા

સંઘવીએ ૧૨૯ જાપાની કંપનીઓ સાથે રોકાણની ચર્ચા કરી

સુઝુકી સપ્લાયર્સ સહિત ૧૨૯ કંપનીઓ સાથે બે બેઠક; ગુજરાતમાં નવા ઉત્પાદન એકમો અને રોજગારીની યોજનાઓ.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરતાં જાપાનની વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો અને ચર્ચાઓ કરી. એક જ દિવસમાં તેમણે કુલ ૧૨૯ જાપાની કંપનીઓ સાથે બે મેગા રાઉન્ડ ટેબલ બેઠકોને સંબોધિત કરી. આ ઉપરાંત સુઝુકી મોટર કોર્પોરેશનના પ્રમુખ શ્રી તોશિહિરો સુઝુકી, જાપાનના વિદેશ રાજ્યમંત્રી શ્રી નાકાસોને યાસુતાકા અને ઈવાતે પ્રીફેક્ચરના ગવર્નર શ્રી તાકુયા તાસ્સો સાથે મુલાકાત કરી.

ટોક્યોની હોટેલ ઈમ્પિરિયલ ખાતે લંચ દરમિયાન યોજાયેલી રાઉન્ડ ટેબલ બેઠકમાં વિવિધ ક્ષેત્રોના ૫૭ અગ્રણી જાપાની ઉદ્યોગપતિઓએ ભાગ લીધો હતો. શ્રી સંઘવીએ તેમની સમક્ષ ગુજરાતને ભારતમાં રોકાણ માટે સૌથી અનુકૂળ રાજ્ય તરીકે રજૂ કર્યું. રાજ્યમાં ઉપલબ્ધ તૈયાર જમીન, વિશ્વસ્તરીય બંદરો, વિશ્વસનીય વીજ પુરવઠો અને ઝડપી મંજૂરી પ્રક્રિયા જેવી સુવિધાઓની માહિતી તેમણે આપી હતી. આ સુવિધાઓના આધારે ગુજરાતમાં રોકાણ માટેની તકો અંગે ઉદ્યોગપતિઓને વાકેફ કરવામાં આવ્યા હતા.

બીજી મેગા રાઉન્ડ ટેબલ બેઠકમાં સુઝુકીની ઓટોમોબાઈલ સપ્લાય ચેઈન સાથે સંકળાયેલા ૭૨ સપ્લાયર્સ જોડાયા હતા. આ બેઠકમાં ૨૪ નવા સપ્લાયર્સે હાંસલપુર ખાતે આવેલા સુઝુકીના પ્લાન્ટની નજીક ઝડપથી પોતાના એકમો સ્થાપવામાં રસ દર્શાવ્યો હતો. ગુજરાતમાં સુઝુકીનું વાર્ષિક ઉત્પાદન હાલમાં ૧૦ લાખ કારનું છે. આગામી વર્ષોમાં આ ઉત્પાદન વધારીને ૨૦ લાખ કાર સુધી પહોંચાડવાની યોજના છે. રાજ્યમાં ઉત્પાદન બમણું કરવાની યોજના સાથે ઓટોમોબાઈલ ક્ષેત્ર વધુ મજબૂત બનશે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી થશે.

દિવસ દરમિયાન શ્રી સંઘવીએ સુમિતોમો કેમિકલ, ફુરુકાવા ઈલેક્ટ્રિક, હોન્ડા, ટોક્યો ઈલેક્ટ્રોન, ક્યોવા લેધર, જેઈઆરએ, એમયુએફજી બેંક, મારુબેની, સાનરિયો, મેરાકુ અને મોરિરિન સહિતની ૧૧ અગ્રણી જાપાની કંપનીઓના પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરી. આ મુલાકાતો દરમિયાન સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર, ઓટોમોબાઈલ અને અન્ય ઉત્પાદન ક્ષેત્રોમાં ગુજરાતમાં યોજનાઓ તથા રોકાણ અંગે ચર્ચા થઈ હતી. બેઠકોમાં ઓટોમોબાઈલ સપ્લાય ચેઈન, સેમિકન્ડક્ટર માટેના વિશિષ્ટ કેમિકલ્સ, ડેટા સેન્ટર્સ માટેના કેબલ અને માનવસર્જિત લેધરના ઉત્પાદન જેવા વિષયો પણ સામેલ રહ્યા.

સુમિતોમો કેમિકલએ ભાવનગરમાં સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશિષ્ટ કેમિકલ્સનું નવું ઉત્પાદન એકમ સ્થાપવાનો નિર્ણય લીધો છે. ટોક્યો ઈલેક્ટ્રોન સાથે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં પ્રોજેક્ટ સ્થાપવા અંગેની ચર્ચા અંતિમ તબક્કામાં છે. ભાવનગરમાં એકમ સ્થાપવાના નિર્ણય અને ટોક્યો ઈલેક્ટ્રોન સાથેની પ્રોજેક્ટ ચર્ચાઓથી ગુજરાતની ભારતના સેમિકન્ડક્ટર હબ તરીકેની સ્થિતિ વધુ મજબૂત બનશે.

ફુરુકાવા ઈલેક્ટ્રિક ડેટા સેન્ટર્સ માટે ઓપ્ટિકલ ફાઈબર કેબલનું ઉત્પાદન એકમ સ્થાપવા રૂ.૪,૫૦૦ કરોડથી વધુના રોકાણ અંગે અંતિમ તબક્કાની ચર્ચા કરી રહી છે. આ ઉત્પાદન જાપાનની બહાર પ્રથમ વખત કરવામાં આવશે. સૂચિત એકમથી ભારતમાં ઝડપથી વિકસી રહેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડેટા સેન્ટર ક્ષેત્રને વેગ મળશે.

ક્યોવા લેધરે ગુજરાતમાં માનવસર્જિત (PU) લેધરનું ઉત્પાદન એકમ સ્થાપવા સંમતિ આપી છે. આ એકમ માટે એક મહિનાની અંદર જમીન નક્કી કરવામાં આવશે. હોન્ડાએ ગુજરાતમાં વિસ્તરણ યોજનાના ભાગરૂપે વર્ષ ૨૦૨૭ના અંત સુધીમાં અથવા વર્ષ ૨૦૨૮ની શરૂઆતમાં ૪,૦૦૦ નવી રોજગારીની તકો ઊભી કરવાની યોજના દર્શાવી છે. આમ, કંપનીઓની યોજનાઓમાં ઉત્પાદન ક્ષમતા વધારવા, નવા એકમ સ્થાપવા અને રોજગારીની તકો ઊભી કરવાના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "જ્યારે જાપાનના નેતાઓ ભારત વિશે વિચારે છે, ત્યારે તેમના મનમાં સૌથી પહેલાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું નામ આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી લઈને જાપાનના સ્વર્ગસ્થ પૂર્વ પ્રધાનમંત્રી શ્રી શિન્ઝો આબે સાથેની તેમની ગાઢ મિત્રતા સુધી, તેમણે જાપાન સાથે જે આત્મીયતા અને વિશ્વાસનું બંધન ઊભું કર્યું છે, તેના કારણે ગુજરાત જાપાન માટે ભારતમાં રોકાણનું પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે. આજે આ વિશ્વાસ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજીના નેતૃત્વમાં ગુજરાતના યુવાનો માટે ઉદ્યોગો, રોકાણ અને રોજગારીની તકોમાં પરિવર્તિત થઈ રહ્યો છે."

વિદ્યાર્થીઓની સર્જનાત્મક પહેલ

વડોદરાની ૨૫૦૦૦થી વધુ ચિત્રોની પહેલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં નોંધાઈ

'સેવા-સંકલ્પોત્સવ' અંતર્ગત બે દિવસનું પ્રદર્શન યોજાયું; વિદ્યાર્થીઓએ વિકસિત ભારત ૨૦૪૭નું વિઝન ચિત્રોમાં રજૂ કર્યું.

વડોદરાઃ વડોદરા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા 'સેવા-સંકલ્પોત્સવ' અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનાં ૨૫,૦૦૦થી વધુ ચિત્રોનું એક જ સ્થળે પ્રદર્શન યોજાયું. બે દિવસ માટે યોજાયેલા આ પ્રદર્શનની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા લેવામાં આવી છે. આ પહેલને વડોદરા જિલ્લાની શૈક્ષણિક શક્તિ, સામૂહિક સહભાગિતા અને નવતર વિચારસરણીનું પ્રતિબિંબ ગણાવવામાં આવી છે.

'મારો દેશ મારી જવાબદારી', 'વિકસિત ભારત મારો સંકલ્પ' અને 'સપનાથી સમૃદ્ધિ સુધી'ના વિચાર સાથે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૪૭ના ભારતનું વિઝન ચિત્રોમાં રજૂ કર્યું. 'વિકસિત ભારત જ ૨૦૪૭' અને 'વિકસિત ગુજરાત જ ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં યોજાયેલા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મક અભિવ્યક્તિથી ભવિષ્યનાં સ્વપ્નો રંગ્યાં હતાં.

ચિત્રોમાં વિકસિત ભારતનું નિર્માણ, નશામુક્ત સમાજ, સ્વચ્છતા, સેવા, સમર્પણ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ જેવા વિચારો દર્શાવાયા. ભારત શિક્ષિત, સ્વસ્થ, સુરક્ષિત અને સમૃદ્ધ બને તેવો સંદેશ પણ ચિત્રો દ્વારા સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિને મંચ આપીને રાષ્ટ્રીય પ્રતિભાને ખીલવવાનો આ પ્રદર્શનનો હેતુ હોવાનું જણાવાયું છે.

આ વિચાર સાંસદ સભ્ય ડૉ. હેમાંગ જોષીની પ્રેરણાથી આગળ વધ્યો હતો. વડોદરાની શાળાઓમાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલાં ચિત્રોને એક સ્થળે એકત્રિત કરીને પ્રદર્શન યોજવાની તેમની સૂચના બાદ આ પહેલ સાકાર થઈ. જિલ્લા કક્ષાના મહાનુભાવો, શિક્ષણવિદો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં માં અંબાની આરાધના સાથે આરતી કરવામાં આવી. શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રનિર્માણની ભાવનાને આવા પ્રયાસોથી વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

પ્રદર્શનની મુલાકાત ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી રીવાબા જાડેજા અને પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાંએ લીધી હતી. તેમણે સમગ્ર શિક્ષણની વડોદરા ટીમને અભિનંદન પાઠવ્યાં. શ્રેષ્ઠ ચિત્રો પસંદ કરીને તેની ફોટો ફ્રેમ બનાવી વડોદરા જિલ્લાની મુલાકાતે આવતા મહેમાનોને આપવાની ઇચ્છા રીવાબા જાડેજાએ વ્યક્ત કરી હતી.

વર્લ્ડ બુક ઓફ રેકોર્ડની ટીમે પ્રમાણપત્ર સાંસદ ડૉ. હેમાંગ જોષી, જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલ અને જિલ્લા શિક્ષણ અધિકારી મહેશભાઈ પાંડેને આપ્યું. સમગ્ર શિક્ષા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સ્ટાફ, IED સ્ટાફ, સ્પેશિયલ એજ્યુકેટર, AEI અને EI સ્ટાફે આયોજન માટે પરિશ્રમ કર્યો. વડોદરા શહેર, ગ્રામ્ય અને અર્બન વિસ્તારની શાળાઓનાં બાળકોનાં ચિત્રો પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં. આ ચિત્રો માન.

સ્વ. ડો. જશવંતસિંહ રાઠોડ
સુપર સ્પેશ્યાલીટી આયુર્વેદ સેન્ટર

ડો. રૂપાલીબેન ઠક્કર (આયુર્વેદીક ફીઝિશિયન) મો. ૯૪૨૬૩૩૦૩૨૬
ડો. સુચિતાબેન ઝવેરી (આયુર્વેદીક ફીઝિશિયન) મો. ૮૭૫૮૯૫૯૯૫૦

રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે અને કોલેસ્ટ્રોલ ઘટાડવા માટેના મદદરૂપ આયુર્વેદિક ઉકાળા ફ્રી આપવામાં આવશે.

આયુર્વેદિક નિદાન કેમ્પ
૧૦ ઓગષ્ટ, ૨૦૨૬ સોમવાર
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦
સ્થળ : પંચમુખી મહાદેવ, શિવશક્તિ મંદિર, સેક્ટર-૫ એ

- કોલેસ્ટ્રોલના ઉકાળા હૃદયના સ્વાસ્થ્યમાં મદદરૂપ થાય છે. આ ઉકાળા કોલેસ્ટ્રોલ ઘટાડવામાં ખૂબ ઉપયોગી છે. એમાં પણ LDL ખરાબ કોલ્સ્ટ્રોલ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી છે.
- રોગપ્રતીકારક શક્તિ માટેના ઉકાળાથી શરદી, ઉધરસ અને સામાન્ય ચેપનું પ્રમાણ ઓછું થાય છે. વર્ષાઋતુમાં થતા ઈન્ફેકશન સામે રક્ષણ પુરું પાડવામાં મદદરૂપ થાય છે.

એપોઇન્ટમેન્ટ નંબર - 98795 20388
www.drjasvantsinhrathod.com

જાહેર આરોગ્યમાં ડ્રોન ટેકનોલોજી

ગેટ્સ-ટાટા પ્રતિનિધિમંડળે પ્રાઈમ યુએવીનું AI/ML મોડલ નિહાળ્યું

દુર્ગમ વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો શોધવા ડ્રોન ઈન્ટેલિજન્સનો ઉપયોગ





અમદાવાદઃ ભારતમાં મચ્છર અને વેક્ટર-બોર્ન રોગચાળાના નિયંત્રણ માટે અદ્યતન ઉપાયો શોધવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં બિલ એન્ડ મિલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન (USA) અને ટાટા આઈએચએફ (IHF - Tata Trusts) ના ૧૭ સભ્યોના વૈશ્વિક પ્રતિનિધિમંડળે ગુજરાત સ્થિત ડ્રોન-ટેક સ્ટાર્ટઅપ પ્રાઇમ યુએવી પ્રાઈવેટ લિમિટેડ (Prime UAV Pvt. Ltd.)નું AI/ML આધારિત મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ મોડલ નિહાળ્યું હતું.

જાહેર આરોગ્ય ક્ષેત્રે ટેકનોલોજી વિકસાવનાર પ્રાઈમ યુએવીએ ડ્રોન ઈન્ટેલિજન્સ મારફત 'એડવાન્સ લાર્વલ સોર્સ મેનેજમેન્ટ' (Advance LSM through Drone Intelligence) હેઠળ ચાર મહત્વપૂર્ણ તકનીકો તૈયાર કરી છે. AI/ML આધારિત ડ્રોન સામાન્ય રીતે પહોંચી ન શકાય તેવા દુર્ગમ વિસ્તારોમાં છુપાયેલા મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો શોધી ગ્રાઉન્ડ ટીમને તુરંત માહિતી આપે છે.

મલેરિયા, ફાઈલેરિયા અને ડેન્ગ્યુના નિયંત્રણ માટે ગુજરાત સરકારના સરકારી તંત્ર સાથે મળીને ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, આણંદ અને મહેસાણા જિલ્લામાં આ ટેકનોલોજી આધારિત મોડેલ પ્રાયોગિક ધોરણે અમલી બનાવાયું છે અને સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

આ ઇનોવેશન અને ગ્રાઉન્ડ લેવલના અમલીકરણ અંગે ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલી સંયુક્ત બેઠકમાં કેન્દ્ર (ICMR) અને ગુજરાત સરકારના ૯ ઉચ્ચ અધિકારીઓ, વિષય નિષ્ણાતો, પ્રાઇમ યુએવી, ગેટ્સ ફાઉન્ડેશન તેમજ ટાટા ટ્રસ્ટના પ્રતિનિધિઓએ ટેકનોલોજીકલ પ્રગતિ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

પ્રાઇમ યુએવી પ્રા. લિ.ના સીઈઓ પ્રદિપ પટેલ અને સીટીઓ હિતેન પટેલે જણાવ્યું હતું કે પ્રતિનિધિમંડળે ટેકનોલોજી અને સરકારી અધિકારીઓ સાથેના વાસ્તવિક અનુભવોની માહિતી મેળવી, જેથી ગુજરાતના આ મોડેલને અન્ય દેશોમાં પણ લાગુ કરી શકાય. કંપનીએ આ મોડેલને મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણ માટેની નોંધપાત્ર ટેકનિકલ સિદ્ધિ ગણાવી હતી.

બાળમજૂરી વિરોધી ઝુંબેશ

મોરબીમાં રેઈડ કરી સપ્ટેમ્બરમાં ૯ તરુણ શ્રમયોગીઓને મુક્ત કરાયા

ટંકારા અને મોરબીની સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી; હોટલ-ઢાબા અને ઔદ્યોગિક એકમોને બાળ શ્રમિકો ન રાખવા સૂચના

મોરબીઃ: જિલ્લામાં બાળમજૂરી રોકવા અને નાની વયનાં બાળકોના અધિકારોનું રક્ષણ કરવાના હેતુથી જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીના અધ્યક્ષ તથા જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

સપ્ટેમ્બર-૨૦૨૬ માસ દરમિયાન બાળમજૂરી વિરોધી ટાસ્કફોર્સે મોરબી અને ટંકારા વિસ્તારમાં આકસ્મિક રેઈડ પાડી હતી. તા. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ ટંકારા ખાતે આવેલી 'હિમાલય ફેમ એલએલપી'માંથી ૮ તરુણ શ્રમયોગીઓને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તા. ૨૨/૦૯/૨૦૨૬ના રોજ મોરબી ખાતે 'દેવુભાઈ ગાંઠિયાવાળા'ની સંસ્થામાંથી ૧ તરુણ શ્રમયોગીને મુક્ત કરવામાં આવ્યો હતો. આમ, સપ્ટેમ્બર માસમાં કુલ ૯ બાળકોને મુક્ત કરાવી બંને સંસ્થાઓ વિરુદ્ધ કાયદા અનુસાર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રેઈડ દરમિયાન જિલ્લાના તમામ હોટલ, ઢાબા અને ઔદ્યોગિક એકમોના સંચાલકોને પોતાની સંસ્થામાં ક્યારેય બાળ શ્રમિકોને કામે ન રાખવા કડક સૂચના આપવામાં આવી છે. આગામી સમયમાં પણ આવી ઝુંબેશ અને કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે. જિલ્લામાં કોઈ સ્થળે બાળમજૂરી થતી નજરે પડે તો મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, મોરબી અથવા ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ પર ત્વરિત જાણ કરવા નાગરિકોને મદદનીશ શ્રમ આયુક્ત, મોરબીની યાદી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

દિવ્યાંગ ઉમેદવારોને સરકારી નોકરીની તક

પાટણ જિલ્લા પંચાયતના ૬ દિવ્યાંગ ઉમેદવારોને નિમણૂક હુકમો અપાયા

સરકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા ખંતપૂર્વક ફરજ બજાવવા અનુરોધ

માહિતી બ્યુરો, પાટણ તા.૨૧/૧૦/૨૦૨૬ સમાચાર સંખ્યાઃ૬૯૭/૫૩

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટે હાથ ધરવામાં આવેલી ખાસ ભરતી પ્રક્રિયા અંતર્ગત પાટણ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલા વિવિધ સંવર્ગના ૬ ઉમેદવારોને આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી.એલ. પટેલ અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવિકભાઈ પટેલના હસ્તે નિમણૂક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના વિવિધ શાખાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિમણૂક હુકમો એનાયત કરતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી.એલ. પટેલ તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવિકભાઈ પટેલે તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવી નવી જવાબદારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. તેમણે સરકારી સેવાઓમાં જોડાઈ ખંત, નિષ્ઠા અને જવાબદારીપૂર્વક ફરજો નિભાવવા તથા લોકોપયોગી કાર્યો દ્વારા જનસેવાના ઉદ્દેશને સાકાર કરવા પ્રેરિત કર્યા હતા.

સરકારશ્રીની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે અને કોઈપણ લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા તેમણે અનુરોધ કર્યો હતો. નાગરિકોના પ્રશ્નોનું સંવેદનશીલતાપૂર્વક નિરાકરણ લાવી જાહેરસેવા પ્રત્યે સમર્પિત ભાવનાથી કામગીરી કરવા પણ માર્ગદર્શન આપ્યું હતું.

ઓનલાઈન જનફરિયાદ નિવારણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તા. ૨૨મી ઓક્ટોબરે રાજ્ય સ્વાગતમાં રજૂઆતો સાંભળશે

નાગરિકો સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન ગાંધીનગરમાં રજૂઆતો આપી શકશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૬નો રાજ્ય સ્વાગત ગુરુવાર, તા. ૨૨મી ઓક્ટોબરે યોજાશે. રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો પોતાની રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી શકશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી પ્રત્યક્ષ ઉપસ્થિત રહી નાગરિકોની રજૂઆતો સાંભળશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ માસિક કાર્યક્રમ અંતર્ગત ઓક્ટોબર મહિનાનું રાજ્ય સ્વાગત ગુરુવારે યોજાશે.

નાગરિકો રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરુવાર, તા. ૨૨મી ઓક્ટોબરના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન રૂબરૂ આવીને કરી શકશે. રજૂઆતો માટેનું સ્થળ મુખ્યમંત્રીશ્રીનું જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર છે. નાગરિકો નિર્ધારિત સમય દરમિયાન આ સ્થળે જઈને પોતાની રજૂઆતો કરી શકશે.

મુખ્યમંત્રીશ્રી ગુરુવારે બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહેશે અને નાગરિકો તરફથી આવેલી રજૂઆતો સાંભળશે.

જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ

કલેક્ટરે સ્વાગત કાર્યક્રમમાં રજૂઆતોના ત્વરિત નિરાકરણના નિર્દેશ આપ્યા

નાગરિકોની રજૂઆતોનું સંવેદનશીલતાથી નિરાકરણ લાવોઃ કલેક્ટરશ્રી ડૉ. પ્રશાંત જિલોવા

માહિતી બ્યુરો, પાટણ તા.૨૧/૧૦/૨૦૨૬:: પાટણ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. પ્રશાંત જિલોવાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગે બેઠક યોજાઈ હતી. તેમાં અરજદારોએ ઉપસ્થિત રહી પોતાની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી.

સ્વાગત કાર્યક્રમમાં રોડ, રસ્તા, વીજપોલ, કેનાલ, જમીન રી સર્વે, ગટર, જિલ્લાની ગ્રામપંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિની રચના અને બેઠક વ્યવસ્થા તથા આઈટીઆઈ બાલીસણા ખાતે કાયમી બસ સ્ટોપ આપવા સહિતના પ્રશ્નોની વિગતવાર ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. અરજદારોએ આ મુદ્દાઓ અંગે પોતાની રજૂઆતો કરી હતી.

જિલ્લા કલેક્ટર ડૉ. પ્રશાંત જિલોવાએ અરજદારોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત પ્રશ્નોની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી, પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા નિર્દેશ આપ્યા હતા. રજૂઆતોનું નિયમોનુસાર અને સમયબદ્ધ રીતે નિરાકરણ આવે તે માટે સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યાં હતાં. નાગરિકોની રજૂઆતોનું સંવેદનશીલતાથી નિરાકરણ લાવવા પણ તેમણે જણાવ્યું હતું.

જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોનું અસરકારક નિરાકરણ લાવી તેમને પારદર્શક અને જવાબદાર વહીવટનો અનુભવ કરાવવાનો છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સી.એલ. પટેલ, નિવાસી અધિક કલેક્ટર ડૉ. મેહુલ બરાસરા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરાની દિંકલ ગોરખાએ વર્લ્ડ કપમાં ત્રણ મેડલ જીત્યા

બાળપણની પગની ઈજાને મ્હાત આપીને તાશ્કંદમાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવ્યો

વડોદરા,તા.૨૧: વડોદરાની કિક બોક્સર દિંકલ ગોરખાએ તાશ્કંદમાં યોજાયેલા ઉઝબેકિસ્તાન કિક બોક્સિંગ વર્લ્ડ કપ ૨૦૨૬માં બે સિલ્વર અને એક બ્રોન્ઝ સહિત ત્રણ મેડલ જીત્યા.

તંત્રએ તહેવારોમાં ૪૫૫ એકમ તપાસ્યાં, ૨૫૧ સામે ગુના નોંધ્યા

માંડવાળ ફી તરીકે અંદાજે રૂ.૫,૪૨,૦૦૦/- વસૂલાઈ

ગાંધીનગરઃ ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની સૂચનાથી કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરીએ નવરાત્રી તથા દશેરા દરમિયાન ગ્રાહકોને વજનમાં છેતરપિંડીથી બચાવવા સમગ્ર રાજ્યમાં તા.૧૬ અને તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરી હતી.

ઝુંબેશમાં મીઠાઈ, ફરસાણ અને ડ્રાયફ્રુટની દુકાનો સહિત ૪૫૫ જેટલા એકમોની તપાસ કરવામાં આવી હતી. ગેરરીતિ બદલ કુલ ૨૫૧ એકમો સામે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી અને માંડવાળ ફી તરીકે અંદાજે રૂ.૫,૪૨,૦૦૦/- વસૂલવામાં આવ્યા હતા.

કાનૂની માપવિજ્ઞાન તંત્રના મદદનીશ નિયંત્રક અને ઇન્સ્પેક્ટરોએ મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ તથા ગિફ્ટ શોપ્સમાં કાયદા અને નિયમોની જોગવાઈઓનું પાલન થાય તે માટે તપાસ કરી હતી. તહેવારોમાં ગ્રાહકો આ ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે અને વજનમાં છેતરાવાની શક્યતા રહેતી હોવાથી ગ્રાહક સુરક્ષા તથા જાગૃતિના હેતુથી ઝુંબેશ યોજાઈ હતી.

તપાસમાં ઓછું વજન આપવું, વજનકાંટાની ફેરચકાસણી/મુદ્રાંકન ન કરાવવું, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું અને પેકર રજીસ્ટ્રેશન ન કરવું જેવી ગેરરીતિઓ સામે આવી હતી. તંત્રએ ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા, વજનમાપમાં પારદર્શિતા જાળવવા અને વેપારીઓ પાસે કાનૂની જોગવાઈઓનું પાલન કરાવવા પ્રયાસો કર્યા હતા. કોઈ વસ્તુનું ઓછું વજન આપવા અથવા MRPથી વધુ ભાવ લેવા અંગે ગ્રાહકો ગુજરાત રાજ્યની ટોલ-ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ પર ફરિયાદ કરી શકે છે. ગ્રાહક ફરિયાદ અને માર્ગદર્શન માટે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઈન ૧૯૧૫ (NCH)નો પણ સંપર્ક કરી શકાય છે, તેમ તંત્રએ જણાવ્યું હતું.



જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ

આણંદ જિલ્લા સ્વાગતમાં ૧૧માંથી ૧૦ પ્રશ્નોનું નિરાકરણ

કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં એક પ્રશ્ન પડતર રહ્યો



આણંદ, બુધવાર:: રાજ્યના નાગરિકોના પ્રશ્નોનું ઝડપી અને હકારાત્મક નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી સમગ્ર રાજ્યમાં પ્રતિમાસ તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ સ્વાગત કાર્યક્રમ યોજાય છે. આ પ્રજાલક્ષી ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત હજારો અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ થયું છે.

આણંદ જિલ્લામાં ઓક્ટોબર માસનો 'જિલ્લા સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, આણંદના સભાખંડ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં અરજદારોની વિવિધ વિભાગોને લગતી રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યાં હતાં.

કાર્યક્રમમાં કુલ ૧૧ પ્રશ્નો રજૂ થયા હતા, જેમાંથી ૧૦ પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું હતું. એક પ્રશ્ન પડતર રાખવામાં આવ્યો હતો, જેનું આગામી સમયમાં નિવારણ કરવામાં આવશે.

કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટરશ્રી લલીતકુમાર પટેલ, અધિક કલેક્ટરશ્રી રાહુલ ગમારા, મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારીશ્રી અંજલી ઠાકુર, નાયબ મ્યુ.કમિશ્નરશ્રી સંગાડા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ તથા અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

સાહિત્ય અને સંસ્કૃતિ

મુખ્યમંત્રીએ 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૨'નું વિમોચન કર્યું

માહિતી ખાતાના અંકમાં સાહિત્યકારોની રચનાઓ સાથે ૫૨ જેટલી રંગીન તસવીરો અને ચિત્રો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું વિમોચન કર્યું હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા દર વર્ષે પોતાની આગવી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ પરંપરાના ભાગરૂપે આ વર્ષે પણ ગુજરાતના સાહિત્યિક વારસાને ઉજાગર કરતો દીપોત્સવી અંક વાચકો સમક્ષ રજૂ થયો છે.

ગુજરાત દીપોત્સવી – ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ અને નાટિકાઓનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. સર્વશ્રી ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ અને રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. ચિંતનાત્મક લેખોની સાથે વિવિધ સાહિત્ય સ્વરૂપોની કૃતિઓનો સમાવેશ અંકને સમૃદ્ધ બનાવે છે.

આ દળદાર અંકમાં ૨૮ અભ્યાસલેખો, ૨૮ નવલિકાઓ, ૧૬ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૮૯ જેટલી કાવ્ય રચનાઓનો સમાવેશ થાય છે. આ રીતે વિવિધ સાહિત્ય સ્વરૂપોની કૃતિઓથી અંક સંપન્ન બન્યો છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો અંકને વધુ નયનરમ્ય બનાવે છે.

આ વિમોચન પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી વિક્રાંત પાંડે, અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ તથા સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે સહિત માહિતી ખાતાનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

મુખ્ય સચિવે જી.એમ.ડી.સી.ના રૂ. ૨૨૩.૫૪ કરોડના ડિવિડન્ડનો ચેક અર્પણ કર્યો

૨૦૨૫-૨૬ના વર્ષના ડિવિડન્ડમાં રાજ્ય સરકારના ફાળાનો ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને સોંપાયો



ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જી.એમ.ડી.સી.)ના ૨૦૨૫-૨૬ના વર્ષના રૂ. ૨૨૩.૫૪ કરોડના ડિવિડન્ડમાં રાજ્ય સરકારના ફાળાનો ચેક ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ કરાયો હતો. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે ચેક અર્પણ કર્યો હતો.

૧૯૬૩માં સ્થપાયેલી જી.એમ.ડી.સી. ખનિજ સંસાધનોના સાયન્ટિફિક, એફિસિયન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા રાજ્યના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં યોગદાન આપે છે. કંપની લિગ્નાઈટ, બોક્સાઈટ, લાઈમસ્ટોન, ફ્લોરસ્પાર અને સિલિકા સેન્ડ સહિતના ખનિજોના ખનન અને વેચાણ સાથે સંકળાયેલી છે.

ગુજરાત બહાર ઓડિશામાં બૈતરણી વેસ્ટ, બુરાપહાર અને કુદાનાલી-લુબરી એમ ત્રણ કોલસા બ્લોક્સ મેળવવાથી રાજ્યની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષા મજબૂત કરવામાં જી.એમ.ડી.સી. યોગદાન આપશે. કંપની નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પણ કાર્યરત છે અને રેર અર્થ એલીમેન્ટ્સ, તાંબું તથા અન્ય વ્યૂહાત્મક ખનિજોમાં વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

આ પ્રસંગે જી.એમ.ડી.સી.ના ચેરમેન ડૉ. હસમુખ અઢિયા, મેનેજીંગ ડિરેક્ટર શ્રી અજય ભાદુ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર અને અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ ૪૦૦થી વધુ વિન્ટેજ કેમેરાના સંગ્રાહક શાંતિલાલ ગક્કરને બિરદાવ્યા

શ્રી ગક્કરને શુભેચ્છાપત્ર પાઠવી તેમના અનોખા શોખ અને સમર્પણની સરાહના કરી



વડોદરા,તા.૨૧: ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાંડિયા બજારના ૮૩ વર્ષિય શાંતિલાલ એસ. ગક્કરને ૪૦૦થી વધુ વિન્ટેજ ફિલ્મ કેમેરાના સંગ્રહ બદલ શુભેચ્છાપત્ર પાઠવી તેમના શોખ અને સમર્પણની સરાહના કરી છે.

પત્રમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વાન્તઃ સુખાય' વિચારનો ઉલ્લેખ કરતાં કહ્યું કે પોતાની અભિરુચિ અને કૌશલ્યના ક્ષેત્રમાં કાર્ય કરવાથી દુર્લભ આત્મસંતોષ મળે છે. ૧૯૩૦થી ૨૦૦૫ સુધીના કેમેરામાં પોલેરાઇડ, રેડિયો અને સ્નાઇપર ગન શૈલીના કેમેરા તથા ચાવીથી ચાલતા મોડેલ્સ સામેલ છે.

વરસાદ બાદ કામગીરી ફરી શરૂ

તંત્રએ વિરમગામ-વઢવાણ ફોરલેન માર્ગનું ડામર કામ ઝડપથી આગળ ધપાવ્યું

વરસાદી ઋતુ પૂર્ણ થયા બાદ માર્ગ અને મકાન પેટા વિભાગ, વિરમગામે કામગીરી પુનઃ શરૂ કરી



ચોમાસાની ઋતુ દરમિયાન સ્થગિત કરવામાં આવેલી વિરમગામ - વઢવાણ ફોરલેન રોડના નિર્માણની કામગીરી વરસાદી ઋતુ પૂર્ણ થતાં ફરી ઝડપભેર શરૂ કરવામાં આવી છે. વાતાવરણ સાનુકૂળ બનતાં માર્ગ અને મકાન પેટા વિભાગ, વિરમગામ દ્વારા રોડનું કામ આગળ ધપાવવામાં આવ્યું છે. ચોમાસા બાદ કામગીરી ફરી શરૂ થતાં ફોરલેન માર્ગનું નિર્માણ પૂર્ણ કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે.

માર્ગ અને મકાન પેટા વિભાગ દ્વારા વિરમગામ - વઢવાણ ફોરલેન માર્ગ પર ડામર કામ પૂર્ણ ત્વરાથી હાથ ધરવામાં આવ્યું છે. સ્થળ પર ડામર પાથરવા માટે આધુનિક મશીનો અને રોલરનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ડામર કામ ઝડપથી આગળ વધે તે માટે મશીનો અને રોલરની મદદથી માર્ગ પર કામ કરવામાં આવી રહ્યું છે.

ચોમાસા દરમિયાન ભારે વરસાદની શક્યતાઓને ધ્યાનમાં રાખીને માર્ગની કામગીરી સામયિક રીતે અટકાવવામાં આવી હતી. વરસાદી ઋતુમાં વાહનવ્યવહાર અને રોડની ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી આ નિર્ણય લેવાયો હતો. વરસાદી ઋતુ પૂર્ણ થયા બાદ અને વાતાવરણ સાનુકૂળ થતાં જ તંત્ર દ્વારા કામગીરી ફરી શરૂ કરી દેવામાં આવી છે.

ફોરલેન ડામર રોડની કામગીરી ઝડપથી પૂર્ણ થતાં વિરમગામ, વઢવાણ અને આસપાસના વિસ્તારોમાંથી પસાર થતા દૈનિક હજારો વાહનચાલકો તથા રાહદારીઓને સુગમ અને સુરક્ષિત વાહનવ્યવહારનો લાભ મળશે. રોડ બનવાથી સમય અને બળતણની બચત થશે. સાથે જ વાહનચાલકોને ખાડાઓ અને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી મુક્તિ મળશે.

માર્ગ અને મકાન પેટા વિભાગે આ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. કામ પૂર્ણ થયા બાદ માર્ગને વાહનવ્યવહાર માટે પુનઃ કાર્યરત કરવામાં આવશે. હાલ ડામર પાથરવાની કામગીરી ઝડપભેર ચાલી રહી છે અને તંત્રનું ધ્યાન રોડનું કામ પૂર્ણ કરીને તેને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવાનો છે.





સ્વચ્છ ગુજરાત
સ્વસ્થ ગુજરાત

રક્તદાન
મહાદાન
ચક્ષુદાન
શ્રેષ્ઠદાન

CADILA PHARMACEUTICALS LIMITED | Zydus | ESSAR | HONDA | IFFCO | વ્યવસાયિક સમાચાર

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : PARTH M. THAKKAR, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, PLOT NO. 704/B/2, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED FROM : BLOCK NO. 32/4, GH TYPE, SECTOR-28, GANDHINAGAR [GUJARAT]-382 028.